**જિલ્લા નાયબ નિયામક,** અનુસુચિત જાતિની કચેરી,
જિલ્લાસેવાસદન–૨, જી–૫, એનેક્ષી બિલ્ડીંગ, ભાવનગર
**ફોનનં.(૦૨૭૮) ૨૫૧૫૭૨૯ ઈ–મેઈલ :** swo-bav@gujarat.gov.in

૫ નં.અજાક/ શિક્ષણ/ ૧૯-૨૦/ ૧૦૯૦ ૫૮૦ તા.૧૮/ ૧૦/ ૨૦૧૯

પ્રતિ,
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિ.ભાવનગર.

વિષયઃ- ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન કરેલ પ્રિમેટ્રિક શિષ્યવૃતિમાં પેમેન્ટ ફેઈલ થયેલ વિદ્યાર્થી/વાલીના એકાઉન્ટ નંબર સુધારા કરવા બાબત.

જયભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે જે વિદ્યાર્થીઓના સ્કોલરશીપના બેંક ખાતા બંધ હોય, IFSCમાં ભુલ હોય અથવા ડોરમેટ થયા હોય તેવા વિદ્યાર્થીઓના ગત વર્ષ ૨૦૧૮-૧૯ સુધી ડીમાન્ડ ડ્રાફ્ટ આવતા હતા. પરંતુ જિલ્લા તિજોરી કચેરીની સુચના અનુસાર ચાલુ વર્ષથી કોઈ પણ વિદ્યાર્થીના ડીમાન્ડ ડ્રાફ્ટ આપવામાં આવશે નહી તેના સ્થાને શાળાના લોગીન IDમાંથી જે વિદ્યાર્થીના ખાતા નંબરમાં ભુલ હોય, IFSCકોડ માં ભુલ હોય અથવા તો વિદ્યાર્થીનું ખાતુ બંધ થયેલ હોય તેવા સંજોગોમાં શાળાએ પોતાના લોગીન IDમાંથી UTILITY મેનુ માં જઈને Update Payment failed Student Account પર ક્લિક કરી અને જો વિદ્યાર્થીના ખાતા અને IFSC સંબંધી ભુલ હોય તો Update Bank Account પર ક્લિક કરીને સુધારવાનું રહેશે તથા જે વિદ્યાર્થીનું ખાતુ બંધ હોય તે માટે Consent for Reactivated Dormat/Freeze/Inactive account પર ક્લિક કરી અપડેટ કરવાનું રહેશે અને આવા વિદ્યાર્થીઓને ખાતામાં પૈસા જમા કરાવી ખાતું ચાલુ કરાવીને અપડેટ કરવાનું રહેશે, ત્યાર બાદ તેને હાયર ઓથોરીટીને સેન્ડ કરવાનું રહેશે.જેથી જિલ્લા કચેરી દ્વારા આવા વિદ્યાર્થીના શિષ્યવૃતીના નાણા ઝડપથી ઓનલાઈન ચુકવી શકાય.આ કામગીરી ૬૦ દિવસની અંદર કરવાની હોવાથી આ અંગે અંગત કાળજી લઈ સુધારો કરવાનો રહેશે. આ અંગે વધુ માહિતી માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ દ્વારા આપવામાં આવેલ સુચનાની કોપી બિડાણમાં જોડવામાં આવેલ છે. જે મુજબ વિદ્યાર્થીના ખાતા સુધારીને સેન્ડ કરવા વિનંતી.

ઉકત કામગીરી સમયમર્યાદામાં કરવાની રેહશે અને ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયે જવાબદારી અત્રેની કચેરીની રેહશે નહિ.જેની જાણ સારૂં.

જિલ્લા નાયબ નિયામક
(અ.જા) ભાવનગર

બિડાણ:- ડિજીટલ ગુજરાત દ્વારા આપવામાં આવેલ સુચનાની કોપી.

ક્રમાંકઃયોજના/પરચ/૨૦૧૯/૪૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૨૧/૧૦/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

Scanned by CamScanner

# ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન કરેલ પ્રિમેટ્રીક શિષ્યવૃતિમાં પેમેન્ટ ફેઈલ થયેલ વિધાર્થી/વાલીના એકાઉન્ટ નંબર સુધારા કરવા માટેની ગાઈડ લાઈન

(ફકત ગુજરાત રાજય સરકાર માન્ય તમામ પ્રાથમિક તથા માઘ્યમીક  શાળાઓ માટે )

રાજય સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ ઘ્વારા સરકાર માન્ય તમામ પ્રાથમિક તથા માઘ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસુચિત જનજાતિ, અનુસુચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત,આર્થિક પછાત,લઘુમતીનાં વિધાર્થીઓ માટે સરકારશ્રીનાં નિયમોનુસાર રાજય સરકારની તેમજ ભારત સરકારની વિવિધ સ્કોલરશીપ યોજનાઓનું ચૂકવણુ ડીઝીટલ ગુજરાત પોર્ટલ મારફત રાજય સરકારનાં આઈએફએમએસ મોડયુલ સાથે ઈન્ટ્રીગેશન કરીને જિલ્લા તિજોરી સંલગ્ન બેંક એસબીઆઈ તથા બેંક ઓફ બરોડા ઘ્વારા નાંણાંનું ચૂકવણુ કરવામાં આવતુ હતુ પરંતુ રાજય સરકારે સરકારી નાંણાંનું ચૂકવણુ ઝડપથી અને સરળતાથી સમયસર ડાયરેકટ લાભાર્થીનાં ખાતામાં જમા થાય તે માટે ભારતીય રીઝર્વ બેંકનાં ઈ કુબેર પોર્ટલનો ઉપયોગ વર્ષ ૨૦૧૯–૨૦થી સમગ્ર રાજયમાં શરૂ કરેલ છે.

## ઈ કુબેરપોર્ટલ ઈ પેમેન્ટ અને ઈ રીસીપ્ટ મોડેલ અંતગર્ત વિકસાવેલુ મોડલ છે.

સામાન્ય રીતે નાંણાં ઓનલાઈન ટ્રાન્સફર કરવા માટે ઘણી રીત છે જેવી કે ડીઝટલ વોલેટ, યુપીઆઈ, એનઈએફટી, આરટીજીએસ અને આઈએમપીએસ વગેરે એનઈએફટી એ એક રાષ્ટ્રવ્યાપી ચૂકવણી સિસ્ટમ છે.જેના ઘ્વારા દેશની કોઈપણ શાખામાંથી કોઈપણ વ્યકિત કે સંસ્થા ઈલેકટ્રોનીક રીતે નાંણાં ટ્રાન્સફર કરી શકે છે.એનઈએફટી નો ફાયદો એ છે કે તેમાં રૂપિયા ટ્રાન્સફર કરવાની મર્યાદા નથી પરંતુ આ બધામાં લાભાર્થીની બેઝીક માહિતી જેમ કે એકાઉન્ટ નંબર, લાભાર્થીનું નામ, આઈએફએસસી કોડ તથા બ્રાંન્ચનું સાચુ નામ સાચુ હોવુ જરૂરી છે.ઈ કુબરમાં એનઈએફટી ઘ્વારા નાંણાંકીય ચૂકવણુ થાય છે.

## બેંક રીલેટેડ કેટલાક શબ્દોનો ટુકમાં પરીચય

### ૧. ટ્રાન્જેકશન એટલે શુ ?

બેંક ખાતામાં ટ્રાન્જેકશન એટલે ગ્રાહક ઘ્વારા કરવામાં આવેલ વ્યવહારો. એટીએમ ,નેટ બેંકીગ, ચેક કે મોબાઈલ બેંકીગ ઘ્વારા ખાતા ધારકે તેનાં ખાતામાં નાંણાં ઉપાડયા હોય કે ખાતામાં નાંણાં જમા કરાવ્યા હોય તેને ટ્રાન્જેકશન કહેવામાં આવે છે. તમારા ખાતામાં કોઈ ત્રીજી સંસ્થા ઘ્વારા પૈસા જમા કરાવવામાં આવ્યા હોય કે ઉપાડવામાં (ડેબીટ કરવામાં ) આવેલ હોય તો તેને પણ ટ્રાન્જેકશન કહેવામાં આવે છે.

બેંક ઘ્વારા જમા કરાયેલા વ્યાજ અથવા લાદવામાં આવેલ ચાર્જિસને ટ્રાન્જેકશન ગણવામાં આવતુ નથી.

૨. <u>ઈનએકટીવ એકાઉન્ટ</u> :જો <u>એક વર્ષ</u> સુધી ખાતામાં કોઈપણ પ્રકારની લેવડદેવડ ના થઈ હોયતો તેવા ખાતાને ઈનએકટીવ એકાઉન્ટ તરીકે ઓળખવામાં આવે છે.

૩.<u>ડોરમેટ અથવા ઈનઓપરેટીવ અથવા ફ્રીઝ એકાઉન્ટ</u> :જો <u>બે વર્ષ</u> સુધી ખાતામાં કોઈપણ પ્રકારની લેવડદેવડ ના થઈ હોય તો તેવા ખાતાને <u>ડોરમેટ અથવા ઈનઓપરેટીવ અથવા ફ્રીઝ એકાઉન્ટ</u> તરીકે ઓળખવામાં આવે છે.

૪. <u>ઈનવેલીડ એકાઉન્ટ</u> આ પ્રકારનાં ફેઈલ ટ્રાન્જેકશન ઘણા કારણે હોઈ શકે છે જેમ કે એકાઉન્ટ નંબરને લગતી કોઈ બાબત સાચી નથી જેમકે એકાઉન્ટ નંબર ખોટો હોઈ શકે છે.

☛ કેટલીક વખત એકાઉન્ટ નંબર આગળ એક જીરો કે બે વખત જીરો આવતા હોય છે તે લખવાના રહી જાય છે તો પણ <u>ઈનવેલીડ એકાઉન્ટ થી</u> પેમેન્ટ ફેઈલ થાય છે.

☛ કેટલીક વખત બેંકમાં જઈને તપાસ કરતા એકાઉન્ટ નંબર સાચો હોવા છતા <u>ઈનવેલીડ એકાઉન્ટ થી</u> પેમેન્ટ ફેઈલ થાય છે.

આવા વખતે કેટલાંક આવા કારણ પર હોઈ શકે જેમ કે NRE/PPF/CC/LOAN /FD પ્રકારનાં એકાઉન્ટ હશે તો એકાઉન્ટ સાચો હોવા છતા શકય છે બેંકનાં નિયમોનુસાર ઈનવેલીડ એકાઉન્ટનું કારણ લખી પેમેન્ટ ફેઈલ થઈ શકે છે.

૫. રીસ્ટ્રીકટેડ ક્રેડીટ/ડીપોઝીટ લીમીટ એકાઉન્ટ

કેટલાક એકાઉન્ટ જેવા કે જનધન એકાઉન્ટ અથવા પોસ્ટલ પેમેન્ટ બેંક એકાઉન્ટ અથવા સ્મોલ એકાઉન્ટ એ ક્રેડીટ લીમીટ એકાઉન્ટ હોય છે જેમ કે આવા એકાઉન્ટમાં વાર્ષિક ૧.૦૦ લાખ રૂપિયા સુધીનું ટ્રાન્ઝેકશન થઈ શકે અથવા મહતમ ૫૦૦૦૦ની ડીપોઝીટ લીમીટ હોય છે. ધારોકે એક ખાતા ધારકનાં ખાતામાં ૪૯૦૦૦ રૂપિયા પહેલેથીજ પડયા છે જો ૧૧૦૦ રૂપિયા સ્કોલરશીપ જમા કરાવવા જાય છે તો શકય છે પેમેન્ટ ફેઈલ થશે ABOVE MAX BALANCE જેવો અથવા ACCCOUNT REACHED MAXIMUM CREDIT LIMIT SET ON ACCOUNT BY BANK મેસેજ આવશે.

૬. આઈએફએસસી કોડ એ ભારતીય રીઝર્વ બેંક ધ્વારા દરેક બેંકની શાખા દીઠ એક ૧૧ આલ્ફા ન્યુમેરીક આંકનો કોડ આપવામાં આવેલ છે તેને ઈન્ડીઅન ફાયનાન્સીઅલ સીસ્ટમ કોડ તરીકે ઓળખવામાં આવે છે આ કોડમાં પાંચમુ કેરેકટર જીરો(૦) હોય છે.પહેલાં ચાર કેરેકટર બેંકનું નામ દર્શાવે છે બીજા છ કેરેકટર બ્રાંન્ચ કોડ દર્શાવે છે.

## શાળાનાં આચાર્યશ્રીએ કરવાની થતી કાર્યવાહી

ઈ કુબેરમાં પેમેન્ટ ફેઈલ થયેલ શિષ્યવૃતિનાં નાંણાં કયા વિધાર્થીઓનાં છે તે દરેક શાળાનાં આચાર્યશ્રીનાં લોગીનમાં દેખાશે

## ખૂબ જ અગત્યનુ

આચાર્યશ્રીએ સૌ પ્રથમ શાળાનાં પેમેન્ટ ફેઈલ થયેલ વિધાર્થીઓનાં બેંકની વિગતો જો વાલીનું એકાઉન્ટ હોય તેવા કિસ્સામાં વાલીનાં બેંકની વિગતો પાસબુક વગેરે મેળવી તથા વિધાર્થીનું એક આઈડી પ્રુફ(ઓળખનો પુરાવો) જેમ કે આધારકાર્ડ અને વાલીનાં એકાઉન્ટમાં આધારકાર્ડ/ચુટણીકાર્ડ વગેરે લઈને બેંકની શાખામાં જઈને કયા કારણસર પેમેન્ટ ફેઈલ થયેલ છે તે સંબધિત બેંક મેનેજરને બતાવીને તે મુજબની પુર્તતા કરીને બેંક મેનેજરશ્રી ધ્વારા બેંક એકાઉન્ટમાં હવે શિષ્યવૃતિનુ ચુકવણુ થઈ શકશે એટલેકે ડોરમેટ/ ઈનઓપરેટીવ /ઈનએકટીવ એકાઉન્ટ રીએકટીવ કર્યાબાદ તાત્કાલિક તેને પોર્ટલ પર નીચે મુજબની કાર્યવાહી કરી અપડેટ કરવાની રહેશે.

- ☛ **આચાર્યશ્રીએ શાળાનાં લોગીનમાં દરરોજ ચેક કરીને આ કાર્યવાહી પ્રતિ દિન–૨ માં પૂરી કરવાની રહેશે કારણકે આ કાર્યવાહી મુળ વાઉચરની તારીખથી ૯૦ દિનમાં પૂરી કરવાની હોવાથી દિન–૬૦ સુધીમાં તેને આચાર્યશ્રી ના લોગીનમાંથી આગળ મોકલી દેવાની રહેશે.**

- ☛ **પ્રિ–મેટ્રીક સ્કોલરશીપમાં હવે <u>ડ્રાફ્ટ આવશે નહી</u> તેથી સમયસર વિધાર્થીઓનાં એકાઉન્ટ પોર્ટલ પર અપડેટ કરવાના રહેશે.**

## ઈ કુબેરમાં પેમેન્ટ ફેઈલ થયેલ વિધાર્થીનાં એકાઉન્ટ સુધારવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે


૧. સૌ પ્રથમ ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર શાળાનું લોગીન કરો.

૨. ત્યાર બાદ યુટીલીટી મેનુમાં જાવ

અહી ક્લિક કરો




૩.




અપડેટ પેમેન્ટ ફેઈલ સ્ટુડન્ટ એકાઉન્ટ ઉપર ક્લિક કરવાનું રહેશે.

અહી ક્લિક કરો

૪.અપડેટ પેમેન્ટ ફેઈલ સ્ટુડન્ટ એકાઉન્ટ સબમેનુ પર ક્લિક કરતા નીચે મુજબનાં બે બટન દેખાશે



જો એકાઉન્ટ સબંધિત માહિતીમાં(જેવી કે બેંક એકાઉન્ટ નંબર/આઈએફએસસી કોડ વગેરેમાં) સુધારો કરવાનો હોયતો નીચેનાં બટન પર કિલક કરો

Update Bank Account(If ACno/IFSC Code is wrong)


ઉપરોક્ત બટન પર કિલક કરતા નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે.

| Sr No. | Proposal Number | Scheme Name | Proposal Date | UID / Student SSA Code | Name(Mother Name) | Suspend Reason | Query Reason | Current IFSC CODE | Current Ba Account N |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 1920[redacted] | BCK 76-77-85 Pre Matric Scholarship & Uniform assistant ( Std 1 to 8 ) For SEBC | 12/06/2019 09:15:00 | 20xxxxxx8924 / 240602029331320023 | BHARVAD AMITA NAVGHANBHAI(Mother Name:Jassiben) (Gender:F) | R 03 IFSC Does Not Match | | BARB0VIDHAN | 2464010 |


અહી કયા કારણથી પેમેન્ટ ફેઈલ થયેલ છે તે સસ્પેન્ડ રીઝન માં બતાવશે.અહી ધારો કે બતાવેલ છે કે IFSC Code does not match આ માટે સ્કિનની નીચે સ્કોલબાર જમણી બાજુ ખસેડતા નીચે મુજબની સ્કિન દેખાશે જેમાં

| E | Current Bank Account Number | IFSC CODE New | Bank Account Number New | Confirm IFSC CODE New | Confirm Bank Account Number New | |
|---|---|---|---|---|---|---|
| | 246[redacted] | | | | | Update Send |








અહીં બંને જગ્યાએ નવો આઈએફએસસી કોડ નાખવાનો રહેશે




ત્યારબાદ અપડેટ બટન પર ક્લિક કરી સેન્ડ બટન પર ક્લિક કરવાનુ રહેશે.


જો એકાઉન્ટ નંબર સુધારવાનો હોય તો નીચે મુજબનાં ટેક્ષબોક્ષમાં એકાઉન્ટ નંબર નાખવાનો રહેશે.







અહીં બંને જગ્યાએ નવો એકાઉન્ટ નંબર નાખવાનો રહેશે




ત્યારબાદ અપડેટ બટન પર ક્લિક કરી સેન્ડ બટન પર ક્લિક કરવાનુ રહેશે.


જો એકાઉન્ટ ડોરમેટ/ઈનએકટીવ/ફ્રીઝ વગેરેનાં કારણે પેમેન્ટ ફેઈલ થયેલ હોય અને તેને ફરીથી એકટીવ કરાવેલ હોયતો નીચેનાં બટન પર ક્લિક કરો

Consent for Reactivated Dormat/Freeze/Inactive Account

| Sr No. | Proposal Number | Scheme Name | Proposal Date | UID / Student SSA Code | Name(Mother Name) | Suspend Reason |
|---|---|---|---|---|---|---|
| 1 | 192[redacted] | BCK 76-77-85 Pre Matric Scholarship & Uniform assistant ( Std 1 to 8 ) For SEBC | 12/06/2019 09:15:00 | 20xxxxxx8924 / 24060202933[redacted] | BHARVAD AMITA NAVGHANBHAI(Mother Name:Jassiben) (Gender:F) | AC FROZEN OR DORMENT OR INACTIVE |

અહી કયા કારણથી પેમેન્ટ ફેઈલ થયેલ છે તે સસ્પેન્ડ રીઝન માં બતાવશે.અહી ધારો કે બતાવેલ છે કે AC FROZEN OR DORMENT OR INACTIVE આ માટે સ્ક્રિનની નીચે સ્ક્રોલબાર જમણી બાજુ ખસેડતા નીચે મુજબની સ્ક્રિન દેખાશે જેમાં

| Query Reason | Current IFSC CODE | Current Bank Account Number | Concern | |
|---|---|---|---|---|
| | BARB0VIDHAN | 24640[redacted] | Active ☐ | Update Send |

| | |
|---|---|
|  | જે બ્રાંન્ચમાં બેંક એકાઉન્ટ છે તેમાં જઈને બેંક એકાઉન્ટ રીએકટીવ કરાવ્યા બાદ અહી એકટીવ ચેક બોક્ષ પર કિલક કરવાનું રહેશે. |
|  | ત્યારબાદ અપડેટ બટન પર કિલક કરી સેન્ડ બટન પર કિલક કરવાનુ રહેશે. |

પેમેન્ટ ફેઈલ કયા કારણસર થઈ શકે છે તે અહી આપવામાં આવેલ છે.

| | |
|---|---|
| ACCOUNT CLOSED | ACCOUNT TRANSFERRED |
| IFSC does not match | NO SUCH ACCOUNT TYPE |
| BENEFICIARY NAME DIFFERS | ACCOUNT DOES NOT EXIST |
| AC FROZEN OR DORMENT OR INACTIVE | INVALID ACCOUNT STATUS |
| ABOVE MAX BALANCE | Amt cannot be less than minimum period balance or Account |
| CREDIT TO NRE ACCOUNTS IS NOT ALLOWED | ANY OTHER REASONS |


વધુ માહિતી માટે સંપર્ક

રાકેશ ઠાકર ૯૬૨૪૩૮૮૩૫૩(સવારે ૧૧ થી સાંજે ૬ કલાક સુધી)